GJAM110011272025

**:: નમુના – અ ::** આંક–

| **બગસરાનાં મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.બગસરા.<br>ચુકાદાની તારીખ : ૧૦/૦૮/૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૮૪૩/૨૦૨૫** | |
|---|---|
| :: ગુનાની વિગત :: | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૩૫૧(૩),૩૨૪(૨),૧૧૮(૧),૧૨૬(૨). |
| પ્ર.માહિતી અહેવાલ નંબર | ૧૧૧૯૩૦૦૯૨૫૦૨૯૫/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | બગસરા પોલીસ સ્ટેશન |
| ફરીયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી બી.એમ.પટેલ. |
| આરોપી પક્ષ | **અવેશભાઇ રફીકભાઇ ખોખર,**<br>ઉ.વ.૨૦, ધંધો–મજુરી,<br>રહે.બગસરા જુની ખાટકીવાડ, તા.બગસરા, જી.અમરેલી. |
| રજુઆત | વિ.વ.શ્રી.કે.આર.કાટીયા. |

**:: નમુના –બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૩/૧૧/૨૦૨૫ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૧૪/૧૧/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૦૯/૧૨/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૦૯/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ઘર પકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામા આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અવેશભાઈ રફીકભાઈ ખોખર | – | – | બી.એન.એસ. ની કલમ–૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૨), ૧૧૮(૧), ૧૨૬(૨). | નિર્દોષ છોડયા | –– | –– |

**:: નમુના –ક::**

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ.ફરીયાદી પક્ષ

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | રમીઝભાઈ ઇસુબભાઈ કુરેશી | પંચ સાહેદ |
| ફ.સ.૨ | જુનેદભાઈ ઇબ્રાહીમભાઈ લાખાણી | પંચ સાહેદ |
| ફ.સ.૩ | જલદીપભાઈ શૈલેષભાઈ ધાંધીયા | ફરીયાદી |

બ.બચાવ પક્ષ

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | – | – |

ક.ન્યાયાલય

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | – | – |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ.ફરિયાદ આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૩ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૨ | ૨૨ | ફરીયાદ |
| ૩ | ૨૩ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ |
| ૪ | ૨૪ | એમ.એલ.સી.સર્ટીફીકેટ |

બ.બચાવ આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

ક.ન્યાયાલય આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

ડ.ભૌતિક પદાર્થ

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

**: <u>ઠ રા વ</u> :**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૩/૧૧/૨૦૨૫ના સાંજના આશરે દશેક વાગ્યાના અરસામાં બગસરા ટાઉનમાં આ કામના ફરીયાદી તથા સાહેદ ફરીયાદીનું મો.સા. લઈને જતા હોય અને ફરીયાદી મો.સા. ચલાવતા હોય ત્યારે આ કામના આરોપીએ ફરીયાદીનું મો.સા. રોકાવી ફરીયાદીને કહેલ કે મારી સામે કેમ મોટર સાયકલ આવવા દીધેલ છે તેમ કહી ફરીયાદીને જેમફાવે તેમ ગાળો દેવા આપવા લાગતા ફરીયાદીએ આરોપીને ગાળો દેવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીનો કાઠલો પકડી ફરીયાદીને મો.સા.માંથી નીચે ઉતારી આરોપીએ તેના હાથમાં રહેલ ચાકુ વડે ફરીયાદીને માથામાં ડાબા કાનની ઉપર ચાકુ મારી ચરકો કરી ઈજા કરી ઝપાઝપી દરમ્યાન ફરીયાદીનો વિવો કંપનીનો મોબાઇલ ફોન તોડી નાખી મોબાઇલ ફોનમાં રૂા.૧૧,૦૦૦/ – નું નુકશાની કરી જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુન્હો કરેલ હોય, આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨,૩૫૧(૩), ૩૨૪(૨) ,૧૧૮(૧),૧૨૬(૨) મુજબના ગુનાની ફરીયાદ બગસરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૫૦૨૯૫/૨૦૨૫થી નોંધાયેલ. જે અંગે તપાસ કરનાર અમલદારે તપાસ કરતા તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢવામાં આવતા તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને તેમને કેસના કાગળોની એક નકલ આપવામાં આવેલ છે. આરોપીઓ સામે **આંક–૫**થી તહોમતનામુ ફરમાવેલ છે અને **આંક–૬**થી પ્લી નોંધવામાં આવેલ છે. જેમા ગુનો કર્યાનો ઈન્કાર કરેલ હોય જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષ તર્ફે આંક–૨૫થી તેઓએ પુરાવો આપેલ હોય આ કામે તેઓને વિશેષ પુરાવો આપવો ન હોય, તે મુજબની કલોઝીંગ પુરશીષ આપવામાં આવેલ છે. આરોપી વિરૂદ્ધ રેકર્ડ ઉપર અંશત: પણે પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિ.વ.શ્રી કે.આર.કાટીયાનાઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૪) ઉપરોકત ચર્ચાને આધારે સદર કેસમાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે :**

**૧.** શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પરવાર કરે છે કે, તા.૧૩/૧૧/૨૦૨૫ના સાંજના આશરે દશેક વાગ્યાના અરસામાં બગસરા ટાઉનમાં આ કામના ફરીયાદી તથા સાહેદ ફરીયાદીનું મો.સા. લઇને જતા હોય અને ફરીયાદી મો.સા. ચલાવતા હોય ત્યારે આ કામના આરોપીએ ફરીયાદીનું મો.સા. રોકાવી ફરીયાદીને કહેલ કે મારી સામે કેમ મોટર સાયકલ આવવા દીધેલ છે તેમ કહી ફરીયાદીને જેમફાવે તેમ ગાળો દેવા આપવા લાગતા ફરીયાદી એ આરોપીને ગાળો દેવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીનો કાઠલો પકડી ફરીયાદીને મો.સા.માંથી નીચે ઉતારી આરોપીએ તેના હાથમાં રહેલ ચાકુ વડે ફરીયાદીને માથામાં ડાબા કાનની ઉપર ચાકુ મારી ચરકો કરી ઈજા કરી ઝપાઝપી દરમ્યાન ફરીયાદીનો વિવો કંપનીનો મોબાઇલ ફોન તોડી નાખી મોબાઇલ ફોનમાં રૂા.૧૧,૦૦૦/ – નું નુકશાની કરી જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૩૫૧(૩), ૩૨૪ (૨), ૧૧૮(૧), ૧૨૬(૨) મુજબનો શિક્ષાપાત્ર

ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૫) ઉપરોકત મુદ્દા માટેના અત્રેની કોર્ટના નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.**

મુદ્દા નં.૧:– નકારમાં.

મુદ્દા નં.૨:– આખરી હુકમ મુજબ.

**રેકર્ડ થયેલ પુરાવાનો ટુંકસાર:–**

**(૬.૧)** ફરીયાદપક્ષે તેમના કેસની હકીકત પુરવાર કરવા માટે **આંક–૧૨થી પંચ સાહેદ રમીઝભાઈ ઈસુબભાઈ કુરેશી**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે**,** આશરે ૪ માસ પહેલા બગસરા પોલીસે મને બોગસરા પો.સ્ટે. બોલાવી એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા મે તેમા સહી કરી આપેલ. પોલીસે કોઈપણ પ્રકારની કાર્યવાહી મારી હાજરીમાં કરેલ નથી. આ કામે પંચ સાહેદને મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ બતાવતા પોતાની પંચ નં.૧ તરીકે સહી ઓળખી બતાવે છે જે રખી નકલ આ કામે રજુ દા.આંક–૧૩. બનાવ વિશે મને કોઈ જાત માહીતી નથી. **સદર પંચ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષ તેમને સમર્થનકારક કોઈ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર પંચ સાહેદની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે પંચનામામાં સહી કર્યા સિવાય હું કશુ જાણતો નથી.

**(૬.૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૧૪થી પંચ સાહેદ જુનેદભાઈ ઈબ્રાહીમભાઈ લાખાણી**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે**,** આશરે ૬ માસ પહેલા બગસરા પોલીસે મને બોગસરા પો.સ્ટે. બોલાવી એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા મે

તેમા સહી કરી આપેલ. પોલીસે કોઈપણ પ્રકારની કાર્યવાહી મારી હાજરીમાં કરેલ નથી. આ કામે પંચ સાહેદને મુદ્ધામાલ કબજે કર્યા અંગેનુ આંક–૧૩ વાળુ પંચનામુ બતાવતા પોતાની પંચ નં.ર તરીકે સહી ઓળખી બતાવે છે. બનાવ વિશે મને કોઈ જાત માહીતી નથી. **સદર પંચ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષ તેમને સમર્થનકારક કોઈ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર પંચ સાહેદની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે પંચનામામાં સહી કર્યા સિવાય હું કશુ જાણતો નથી.

(૬.૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૨૧થી ફરીયાદી જલદીપભાઇ શૈલેષભાઇ ધાંધીયા**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,બનાવ આજથી સાત–આઠ મહીના પહેલા સાંજના સમયે બનેલ. બનાવની હકીકત એવી છે કે, બનાવના દીવસે હું અને મારો દીકરો મારુ મો.સા. લઈ બગસરા મહાવીર કોમ્પ્લેક્ષની સામે આવેલ પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ ભરાવવા જતા હતા ત્યારે રસ્તામાં મેઘાણી સ્કુલ પાસે આવેલ પુલ પાસે પહોંચતા આ પુલ ઉપર બગસરાનો વતની અવેશ રફીકભાઈ ખોખર બેઠો હતો. જેણે અમારુ મો.સા. ઉભુ રખાવેલ અને કહેલ કે મો.સા. મારી ઉપર કેમ આવવા દીધેલ છે તેમ કહી જઘડો કરેલ. તેથી ત્યાં આજુબાજુના માણસો એકઠા થઈ ગયેલા અને આ અવેશને ત્યાંથી તેના ઘરે સમજાવીને ઘરે મોકલી દીધેલ. તે અરસામાં હું મો.સા. લઈ પમ્પ તરફ જતો હતો ત્યારે રસ્તામાં મારો મોબાઈલ વીવો કંપનીનો નીચે પડી જતા તુટી ગયેલ અને હું પણ મો.સા.ની નીચે પડી જતા મને ડાબા કાન ઉપર સામાન્ય ઈજા થયેલ. જેની સારવાર બગસરા સરકારી દવાખાને લીધેલ અને દવાખાને થી રજા આપ્યા બાદ બીજા દીવસે પો.સ્ટે. જઈ આ બનાવની ફરીયાદ આપેલ. આ કામે આરોપી અવેશ નામદાર કોર્ટમાં હાજર છે તેને ઓળખુ છુ. મને મારી ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે તેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. જેને રજુ દા.આંક–૨૨ આપવામાં આવે છે. આ સિવાય

બીજુ કશુ બનેલ નથી. **સદર ફરીયાદી ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષ તેમને સમર્થનકારક કોઈ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર ફરીયાદીની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે બનાવ સમયે આરોપી સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ. એ વાત ખરી છે કે આરોપીએ મને ગાળો આપેલ નથી કે કોઇ હથિયાર વડે ઈજા કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

**<u>રેકર્ડ થયેલ પુરાવાઓનુ મૂલ્યાંકન :–</u>**

(૭) ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ મૌખિક પુરાવાનું તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ તેની સાથે ઉભય પક્ષકારો તર્ફે કરાયેલ વિસ્તૃત મૌખિક દલીલો ધ્યાને લેતા તેમજ હાથ ઉપર રહેલ કેસનું રેકર્ડ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે, આ કામનાં આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૨), ૧૧૮(૧), ૧૨૬(૨) મુજબના ગુન્હાનો આરોપ રહેલ છે. ફોજદારી કાયદાશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર, આરોપી સામે આક્ષેપાયેલ ગુનાહીત કૃત્યની હકીકતો ફરીયાદપક્ષ દ્વારા વ્યાજબી શંકાથી પર પુરવાર કરવી જોઇએ.

(૮) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર, ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા પંચ સાહેદોની જુબાની વંચાણે લેતા, તેઓએ ફરીયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને તેઓને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. ફરીયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓએ તેમની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, **બનાવ સમયે આરોપી સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ તેમજ આરોપીએ મને ગાળો આપેલ નથી કે કોઇ હથિયાર વડે ઈજા કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.** તેવુ ફરીયાદી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવતા હોય

આમ, આ સંજોગોમાં આરોપી સામેના આક્ષેપયુકત અપરાધને વ્યાજબી શંકાથી પર ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૯) ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ તમામ પુરાવાઓની પ્રકૃતિ એ મુજબની છે કે જે હાલના કેસની પ્રકૃતિ અનુસાર કેસોને પુરવાર કરવા માટે ખૂબ જ અપુરતી છે. ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ મુકેલ છે તેનો પુરાવો તેમણે રેકર્ડ પર રજુ કરેલ નથી. આરોપી સામે જે મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે તે પ્રકૃતિને ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, ફરીયાદપક્ષ દ્વારા રેકર્ડ પર રજુ થયેલ મૌખિક પુરાવાઓ ખુબ જ અસ્પષ્ટ અને અપૂરતા છે. ફરીયાદી ની જુબાનીની ગુણવત્તા આરોપી સામે હાલનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવા ખૂબ જ અપુરતી છે. ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ– ૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૨), ૧૧૮(૧), ૧૨૬(૨)ની જોગવાઇનાં આવશ્યક તત્વો ફરીયાદપક્ષ આરોપી સામે કડીબદ્ધ રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને કેસનાં રેકર્ડ પરથી પુરવાર થાય છે કે, હાલનાં કામે આરોપીએ ગુનો કર્યા અંગે શંકા ઉપસ્થિત કરતી હકીકતો પણ રેકર્ડ પર નથી. ફરીયાદપક્ષના હાલના ગુના અંગે આરોપી નો બદઈરાદો પણ પુરવાર કરી શકેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો રહે છે. વળી, ફરીયાદપક્ષે આરોપી સામેના આક્ષેપો સચોટ, કડીબદ્ધ અને વિશ્વસનીય પુરાવાને આધારે પુરવાર કરવાનો રહે છે. હાલના કામે ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર આરોપી વિરૂદ્ધ ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષ આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૨), ૧૧૮(૧), ૧૨૬(૨) મુજબનો ગુનો કર્યાનું વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય, મુદ્દા નં.૧નો નિર્ણય **નકારમાં** ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

## :: <u>આખરી હુકમ</u> ::

**૧.** આ કામના આરોપી **અવેશભાઈ રફીકભાઈ ખોખર,** રહે.બગસરા જુની ખાટકીવાડ, તા.બગસરા, જી.અમરેલીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૨), ૧૧૮(૧), ૧૨૬(૨) મુજબનાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હથિયારનો અપીલ સમય પુરો થયા બાદ નિયમાનુસાર નાશ કરવો.

**૩.** આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧નાં પ્રબંધો મુજબ રૂા.૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય સુધી રજુ રાખવા ત્યાબાદ રદ ગણવા.

આ હુકમ આજરોજ **તા.૧૦મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**મુકામ : બગસરા.**
**તા.૧૦/૦૮/૨૦૨૬**

**(નિલેશકુમાર એમ. ચૌહાણ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**બગસરા.(કોડ નં.જીજે–૦૧૬૪૭)**